# ચંપકલાલ - ટપુડાની જુગલ જોડી

***********************

દુનિયામાં બે પ્રકારના શ્રીમંત હોય છે. એક શ્રીમંતાઈ પચાવીને બેઠેલા ઠરેલ, સંસ્કારી, સમજુ શ્રીમંત અને બીજા શ્રીમંતાઈથી છાકટા બની ગયેલા છીછરા, અણઘડ, અલેલટપુ શ્રીમંત. આ બીજા પ્રકારના શ્રીમંતો જ સમાજમાં કાળો કેર વર્તાવતા હોય છે. માણસ ફૂટપાથ ઉપર કશાકની ફેરી કરતાં કરતાં લખપતિ બન્યો હોય કે લૉટરી લાગવાથી ધનાઢ્ય થઈ ગયો હોય એની સાથે આપણે કંઈ નિસ્બત હોતી નથી. બહુ બહુ તો એવા કિસ્સા વાંચીએ કે સાંભળીએ ત્યારે એકાદ ઉનો નિ:સાસો નાખી આપણા પ્રારબ્ધને દોષ દઈ કે મનોમન આપણી અણઆવડતને કબૂલ કરી આપણે આપણા કામે લાગી જઈએ અને આપણે માટે દુ:ખદ એવી એ કથા ભૂલી જઈએ.

પણ કેટલાક શ્રીમંતોનાં સેમ્પલ એવાં હોય છે કે આપણને એમની આત્મકથા કહી સંભળાવી ઘોંચપરોણા કર્યા જ કરે ત્યારે ક્યાં તો આપણને એના પ્રત્યે તિરસ્કાર થાય ક્યાં તો આપણને હસવું આવે. અમારા માળાના સુંદરલાલ શેઠ એવો એક નમૂનો છે. એમની પાસે કેટલી પૂંજી છે એ જાણવાની મેં કદી દરકાર કરી નથી. (દેખવુંય નહિ અને દાઝવુંય નહિ) પણ ભૂલેચૂકે એ જો માળામાં કે રસ્તા ઉપર ભેટી ગયા તો બસ આવી બન્યું.
‘કેમ મહેતા ! તું તો ભાઈ મોટો લેખક હેં ! તને અમારે ત્યાં આવવાની ક્યાંથી ફૂરસદ મળે હેં ! આવ...આવ... એકાદવાર આપણી સાથે જમ. આપણો ફલૅટ તો જો. હમણાં જ પચીસ હજાર ખર્ચી નવું ડેકોરેશન કરાવ્યું છે. કોઈ માને નહિ આવા ડર્ટી મકાનમાં આવો બ્યુટીફૂલ ફલૅટ હોય.’

‘સુંદરલાલ શેઠ, સાચું પૂછો તો તમારે આવા ગંદા માળામાં રહેવું જ ન જોઈએ.’ માંડ હું મારા દિલના સાચા ભાવને ઢાંકી ઉપરછલ્લી મીઠાશથી એમને કહું એટલે શેઠ એમનું જીભનું હલેસું આગળ હંકારે.
‘ખરી વાત છે તારી. હું સારા ફલૅટની શોધમાં જ હતો. પણ સરકારે ચારે બાજુ દરોડા પાડી બધી ગરબડ કરી નાખી એટલે હમણાં તો નાછૂટકે આ ઉકરડામાં પડ્યા છીએ. હેં, હેં, હેં.’
‘ચાલો ત્યારે, તમારે મોડું થતું હશે. હું જાઉં.’ કહી હું છટકવા પ્રયત્ન કરું છું.
‘ચાલ્યા કરે ભાઈ, ધંધો લઈને બેઠા એટલે દોડાદોડ રહેવાની. આ જોને હજી પંદર વર્ષ પહેલાં કાંદીવલીની ચાલીમાં પડી રહેતા અને ઘેર ઘેર ફરી પસ્તી ને એવું બધું ખરીદતા, પણ વળી પાસા પોબાર પડ્યા તે આજે બે કારખાનાં ચાલે છે. તું આવ, આવ. આપણાં કારખાનાં તો જો. તને કંઈ લેખબેખ લખવાનો મસાલો મળી જશે હેં !’
‘હાજી, નોકરીમાંથી ક્યારેક ખાસ રજા લઈને તમારાં કારખાનાં જોવા આવીશ.’
‘તું નહિ માને પણ આ માળાના માણસો સાથે હું લપ્પન-છપ્પન કરતો જ નથી. બસ દૂરથી સાહેબજી સલામ – હેં ! નવરાત્રી આવે ને કહેશે શેઠ – બસો પાંચસો, તો કહું લઈ જાવ. ગણેશમાં પણ એવું, પૈસા લો ને ચલતી પકડો. કોઈ જાતની લપ ન જોઈએ.’
‘તમારા જેવા ઉદાર માણસો છે તો માળામાં સારા પ્રોગ્રામ થાય છે.’
‘પણ માળાના માણસોને આપણી કદર ક્યાં છે ? આજે ગામમાં હું કોઈ પણ પ્રોગ્રામમાં જઈને ઊભો રહું તો મારી ખુરશી પહેલી લાઈનમાં પડે, હેં ! અને અહીંના રોંચાઓ આપણને જોઈને ઊભા પણ થતા નથી. ન મળે કોઈ લાયકાત કે ન મળે કંઈ રીતભાત. મારું ચાલે તો હું કાલે મકાન ખાલી કરી જાઉં. પણ હમણાં સંજોગો એવા છે – તું જાણે છે ને હેં !’
‘હાજી, જાણું છું.’
‘આવ, આવ, ઘેર આવ. આપણી જિંદગીની વાતો સાંભળ. ખુશ થઈ જઈશ. સાંભળીને તને મારું જીવનચરિત્ર લખવાનું મન થઈ જશે હેં !’
‘હા, જરૂર આવીશ. પણ અત્યારે હું જાઉં.’ અને એ આગળ કંઈ કહે તે પહેલાં હું ચાલતી પકડું.

ઉકરડામાં ઉછરેલા સુંદરલાલ ઉકરડાને ગાળ દે ત્યારે આપણે એને કહેવું પણ શું ? પાસે પાંચ પૈસા થયા એટલે એ ભૂલી ગયા કે એ પણ એક ચાલીમાં રોંચા જેવા જ રહેતા હતા. પણ એ યાદ અપાવવાની મારી કોઈ જવાબદારી નથી. હા, મારી પેઠે કંઈ દરેક માણસ એમની શેઠાઈ સાંખી ન લે.

એક વાર સુંદરલાલ માળાનો દાદર ઊતરી રહ્યા હતા અને મારા પડોશી જેઠાલાલ એમના પિતાશ્રી ચંપકલાલ સાથે દાદર ચઢી રહ્યા હતા. મોતિયાને કારણે ચંપકલાલને આંખે કાચું અને અમારા દાદરમાં સદાકાળ અંધારું એટલે એ કંઈ સુંદરલાલને અથડાયા. સુંદરલાલ સમતુલા ગુમાવી ધાર્યા કરતાં વહેલા દાદરને તળિયે પહોંચી ગયા. સીલ્કના ઝભ્ભામાં શોભતા લખપતિ સુંદરલાલ સફાળા બેઠા થઈ ગયા અને રાડ પાડી :

'એ આંધળા, દેખાતું નથી ?'
જેઠાલાલના પિતાશ્રીને આવી પરિસ્થિતિનો મુકાબલો કરવાની છેક પેટલાદથી પ્રેક્ટિસ એટલે એમણે એવો જ મોટો ઘાંટો કાઢ્યો : 'હું તો આંધળો છું જ. પણ તારા ડોળા ક્યાં ચરવા ગયા હતા લપોડ શંખ ?'
સુંદરલાલ આવી ભાષાથી ટેવાયેલા ન હતા : 'કેમ રે ડોસલા, બોલવાનું કંઈ ભાન છે કે નહિ ?' એનો જવાબ આપવાને બદલે ડોસા જેઠાલાલને કહે :
'અલ્યા જેઠા, આ કોણ મરવાનો થયો છે ? એક તો છતી આંખે ભટકાય છે અને મારો બેટો રાડો એવી પાડે છે જાણે મુંબઈનો ગવંડર.'
જેઠાલાલની હાલત વસમી થઈ ગઈ. એક બાજુ બાપ અને બીજી બાજુ લખપતિ સુંદરલાલ. જેઠાલાલે બાપના કાનમાં ફૂંક મારી :
'બાપુજી, સુંદરલાલ શેઠ બહુ મોટો માણસ છે. એક તો તમે એમને પાડી નાખ્યા અને ઉપરથી....'
'છટ સાલા બાયલા' ડોસા ગર્જ્યા, 'તારા બાપને એ ગાળો દે અને તું એને શેઠ શેઠ કે'છે. શેઠ હોય તો એના ઘરનો. માર એક એના ડાચા ઉપર ધોલ એટલે કાલથી સરખો પગથિયાં જોઈને ઊતરે. અને એ નખોદિયાને કહેજે કે મારી આડો ન ઊતરે. મને જો હામો ભટકાયો છે તો એવી એક બરડામાં લાત મારીશ કે ઊછળીને દરિયામાં જઈને પડશે.' ચંપકલાલની સિંહગર્જનાથી ટોળું એકઠું થઈ ગયું હતું એટલે સમય વર્તે સાવધાન સુંદરલાલ ત્યાંથી ઝભ્ભો ટોપી ખંખેરતા રફુચક્કર થઈ ગયા.

પણ બીજા દિવસથી ભેદી બનાવ બનવા માંડ્યા. રાત પડે ને સુંદરલાલની મોટરના ટાયરમાંથી કોઈ હવા કાઢી નાખે. સવાર પડે ને સુંદરલાલ ધૂંઆપૂંઆ થતા માળાના કમ્પાઉન્ડમાં ધમપછાડા કરતા હોય. એમાં છેવટે એમની પ્રીતિ પ્રાપ્ત કરવા કોઈકે ફૂંક મારી કે, 'તમે તે દિવસે જેઠાલાલના બાપ જોડે લડ્યા એટલે એમનો ટપુડો આ પરાક્રમ કરતો હશે.' વીફરેલા સુંદરલાલે એક દિવસ હવાલદારને બોલાવી જેઠાલાલને ત્યાં પ્રવેશ કર્યો. એ સમાચાર મળતાંવેંત હું પણ જેઠાલાલને ત્યાં દોડ્યો ત્યારે તો સુંદરલાલ રૂવાબથી હવાલદારને ટપુડા વિરુદ્ધ ફરિયાદ લખાવી ચૂક્યા હતા.
'લડકા કીધર હૈ ?' હવાલદારે હપ્તાની આશાએ સુંદરલાલ પ્રસન્ન થાય એવો કડક અવાજ કાઢી જેઠાલાલને થથરાવી નાખ્યા.
'ઘરમાં નથી.' ચંપકલાલે સ્વસ્થતાથી કહ્યું.
'લેકિન કીધર હૈ ?'
'હમકુ ક્યા માલૂમ કીધર હૈ ! તુમ પોલીસ હૈ તો ખોળી કાઢો. વો કામ તુમારા હૈ.' ચંપકલાલનો પારો આસ્તે આસ્તે ઉપર જવા લાગ્યો. આવનારા તોફાનની ગાજવીજ સંભળાવા લાગી.
'હમ ઉસકુ પકડકે પુલીસ સ્ટેશન લે જાયેગા.' હવાલદારે રૂઆબ ચાલુ રાખ્યો.
'કેમ ! શું કામ સ્ટેશન પર લઈ જાય ? આ સુંદરીઆના બાપનું રાજ ચાલે છે ?'
'એય બુઢ્ઢા......' હવાલદાર ગર્જ્યો. ચંપકલાલ બેઠા હતા ત્યાંથી ઊભા થઈ ગયા.
'બુઢ્ઢા બુઢ્ઢા ના કર. તારે મા-બાપ નથી ? પબ્લિકને ધમકાવવાના પૈશા મળે છે એમ ! ચાલ જેઠા, હમણાં ને હમણાં હું પોલીસ સ્ટેશને જવા માગું છું.'
'કેમ ?'
'આ સુંદરીઆ ઉપર કેસ કરવા માગું છું.'
'પણ શેનો કેસ ?'
'એ હરામખોરે મને દાદર ઉપર જાણીબૂઝીને ધક્કો માર્યો હતો.'

હવે સુંદરલાલ ચમક્યા અને હવાલદાર કઈ દિશામાં જોવું એ નક્કી કરતો હોય તેમ ચારે બાજુ જોવા લાગ્યો. માંડ માંડ હિંમત એકઠી કરી સુંદરલાલ કહે :
'તમારો ટપુડો મારી ગાડીના ટાયરમાંથી હવા કાઢી નાખે છે.'
'હજી તો ટાયરમાંથી હવા કાઢી છે. ફરીવાર જો મને ગાળ દીધી છે તો તારી પણ હવા કાઢી નાખીશ. ચાલ એ પોલીસ, હમ તુમારે સાથે આતા હૈ. યે સુંદરલાલ કે ઉપર હમ હમારા ખૂન કરનેકા આરોપ મૂકેગા.' સુંદરલાલ સુક્કી દમદાટી આપવા હવાલદારને લઈ આવેલા. એમાં આવો ફણગો ફૂટશે એની તો કલ્પના જ નહિ. બન્ને જણે જ્યાં બકરું ધારેલું ત્યાંથી વાઘ નીકળશે એની કલ્પના જ નહિ કરેલી. એમના મૌનથી જોર ઉપર આવેલ ચંપકલાલે પોલીસથાણે જવાની જીદ પકડી. છેવટે મેં અને જેઠાલાલે વચ્ચે પડી સમાધાન કરાવ્યું. સુંદરલાલ અને હવાલદાર તો જાણે જીવતદાન મળ્યું હોય તેમ ત્યાંથી ભાગ્યા.

હવે સુંદરલાલ દાદર ઊતરતી વખતે ધોળે દિવસે બૅટરી રાખે છે. મોટરના ટાયર સાચવવા ચોકીદારને અલગ ભથ્થું આપે છે.

Mukesh Mori
Veraval
9227687134

BACK to

www.vadwala.com